(૬૬૮)

| Accredited **Grade A** by NAAC | **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી** |
| --- | --- |

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ – ૩૬૦ ૦૦૫**

નં.એકે/પ્રવેશ/ ૬૦૭ /૨૦૧૬

તા. ૬–૬–૨૦૧૬

**પરિપત્રઃ–**

સંદર્ભ :–૧. પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના પરિપત્રાંક :– પરીક્ષા–૧/સીબીસીએસ/૪૯૫૧/૨૦૧૦, તા.૨૮–૧૦–૨૦૧૦.
૨. કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરિપત્રાંક :–એકે/બીએસ/સીબીસીએસ/૧૪૬/૨૦૧૨, તા.૨૭–૩–૨૦૧૨.
૩. કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરિપત્રાંક :–એકે/પ્રવેશ/૪૧૮/૨૦૧૨ તા.૩૦–૬–૨૦૧૨.
૪. આ કાર્યાલયના પરિપત્રાંકઃ–એકે/પ્રવેશ/૭૮૨/૨૦૧૨, તા.૨૩–૧૧–૨૦૧૨
૫. આ કાર્યાલયના પરિપત્રાંકઃ–એકે/પ્રવેશ/૯૧૮/૨૦૧૩, તા.૧૮–૧૧–૨૦૧૩
૬. આ કાર્યાલયના પરિપત્રાંકઃ–એકે/પ્રવેશ/૩૭૬/૨૦૧૪, તા. ૨૬–૬–૨૦૧૪
૭. આ કાર્યાલયના પરિપત્રાંકઃ–એકે/પ્રવેશ/૬૯૯/૨૦૧૪, તા. ૧૭–૧૦–૨૦૧૪
૮. આ કાર્યાલયના પરિપત્રાંકઃ–એકે/પ્રવેશ/૪૫૬/૨૦૧૫, તા. ૨૯–૫–૨૦૧૫

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બિઝનેશ મેનેજમેન્ટ, ગ્રામવિદ્યા, હોમસાયન્સ, પરફોર્મિંગ આર્ટસ અને કાયદા વિદ્યાશાખાની સર્વે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, વિદ્યાર્થીઓને સ્નાતકકક્ષાના સેમેસ્ટર '૧' માં પ્રવેશ આપવાની જોગવાઈ સ્ટેચ્યુટ –૧૫૦ (એ)થી થયેલ છે અને સેમેસ્ટર '૪' સુધી જે વિદ્યાર્થીઓ સી.સી.એ.ના ફરજીયાત કોમ્પોનન્ટમાં ઉપસ્થિત હોય તેઓને ક્રમશઃ સેમેસ્ટર '૨,૩ અને '૪'માં પ્રવેશ આપવામાં આવે છે. જેની જોગવાઈ ઉપરોકત સંદર્ભ '૮'માં દર્શાવેલ પરિપત્રથી કરવામાં આવેલ છે. તે મુજબના વિદ્યાથીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ના વર્ષના સેમેસ્ટર '૫'માં પ્રવેશ આપવા માટે 'જે વિદ્યાર્થીઓએ સેમેસ્ટર '૪'માં અભ્યાસ કરી સત્ર મંજુર કરાવેલ હોય, સી.સી.એ.ના ફરજીયાત કોમ્પોનન્ટમાં ઉપસ્થિત થયેલ હોય અને યુનિવર્સિટી દ્વારા લેવાતી સેમેસ્ટર એન્ડ પરીક્ષા માટે નોંધણી કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર '૫'ના પ્રવેશ માટે લાયક ગણવા અને સેમેસ્ટર '૫'નો અભ્યાસ કરી સત્ર મંજુર કરાવેલ હોય, અને ફરજીયાત સી.સી.એ.ના કોમ્પોનન્ટમાં ઉપસ્થિત થયેલ હોય તથા યુનિવર્સિટી દ્વારા લેવાતી સેમેસ્ટર એન્ડ પરીક્ષા માટે નોંધણી કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર '૬'ના પ્રવેશ માટે લાયક ગણવા. પરંતુ આવા વિદ્યાર્થીઓને જો સેમેસ્ટર '૧ થી ૫'ના કોઈપણ વિષય/પ્રશ્નપત્ર/થિયરી/પ્રેકટીકલ કે પ્રોજેકટ સબમીસન વિગેરે પૈકી કોઈ બેકલોગ હોય તો તેવા વિદ્યાર્થીઓનું સેમેસ્ટર '૬'નું પરિણામ જાહેર કરી શકાશે નહી તે મુજબની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ની પ્રવેશ વ્યવસ્થા માન. કુલપતિશ્રીએ અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ મંજુર કરેલ હોવાથી તે મુજબ તેનો અમલ કરવા સર્વે સંબંધિતોને વિનંતી તથા આ બાબત વિદ્યાર્થીઓના ધ્યાન પર મુકવા વિનંતી.

નોંધઃ– (૧) નોન સ્ટેચ્યુટરીઓના ફેકલ્ટીમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બિઝનેશ મેનેજમેન્ટ, ગ્રામવિદ્યા, હોમસાયન્સ, પરફોર્મિંગ આર્ટસ અને કાયદા વિદ્યાશાખાનો સમાવેશ થાય છે.
(૨) જે અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા સ્ટેચ્યુટરી કાઉન્સિલના નિયમો/ ધોરણો અન્વયે થાય છે તેવા અભ્યાસક્રમો માટે ઉપરોકત જોગવાઈ અમલી બનશે નહી.

6/6/16

(ડો. ધીરેન ડી. પંડયા)
I/C. કુલસચિવ

પ્રતિ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાની ઉપર્યુકત વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ .

<u>નકલ સાદર રવાના :–</u>

૧. માન. કુલપતિશ્રી/ માન. કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી
૨. પરીક્ષા નિયામકશ્રી ( ૮ નકલ )
૩. ડીનશ્રી, સંબંધિત વિદ્યાશાખા
૪. સંબંધિત વિભાગના વડાઓ
૫. ડાયરેકટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબ સાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે) (સીડી સહિત)

Acd.Section/CVG/E:/PARIPATRA _ 223
Printed Dt_ 6 June 2016

RAJKOT
I/VC VC
In.No. 5090
Date 6/6/16